# એડીનેટ ઈ – ન્યુઝ ડાયજેસ્ટ

## નંબર-૫૩ ફેબ્રુઆરી-૨૦૧૯

| CONTENTS | Page No. |
|---|---|
| થોભો અને વિચારો | ૨ |
| એશિયાટિકનો કાયાકલ્પ | ૨ |
| નિર્ણાયક શકિતનું પ્રાવિણ્ય મહત્વનું છે | ૨ |
| વેલ્ડીંગ મશીન બાળકોને પુસ્તકો આપશે | ૩ |
| ૨૦૧૯માં ધ્યાન આપવા જેવા શૈક્ષણિક નીતિના મુદ્દા | ૪ |
| ZIET KVS મુંબઈ દ્વારા ડીજીટલ લાયબ્રેરીનો ત્રણ દિવસનો વર્કશોપ | ૪ |
| વિષય વસ્તુ અને પ્રસ્તુતિ | ૫ |
| ઈ-લાયબ્રેરી ઓફ રેર બુક્સ પુણેમાં શરુ | ૫ |
| મેયટી – આઈટી (ઈન્ફર્મેશન ટેકનોલોજી) | ૬ |
| આંતર કોલેજ વર્કશોપ ગુગલ રીસર્ચ ટુલની જાગરૂકતા | ૭ |
| વર્ષના અંતનો છેલ્લો ફટકો | ૮ |
| ટેકનોલોજી દ્વારા શિક્ષણ | ૮ |
| મુંબઈ યુનિવર્સીટીનાં ઇન્સ્ટીટયુટ ઓફ ડીસ્ટન્સ એન્ડ ઓપન લર્નિંગ (આઈડીઓએલ) | ૮ |
| કાલે વિશ્વ બ્રેઈલ દિન | ૯ |
| મેડીકલ લાયબ્રેરિયન | ૯ |
| દિલ્લી ગવર્મેન્ટ ઇનટીગ્રેટેડ ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમ: માહિતીનું વિતરણનું પ્લેટફોર્મ | ૧૧ |
| ખાસ વિડીયો ગેમ જે ઓટીઝમ વાળા બાળકોની સારવારમાં વપરાશે. | ૧૨ |
| વર્લ્ડ ડેવેલપમેન્ટ રિપોર્ટ ૨૦૧૯ કામની બદલાતી રીત | ૧૨ |

## થોભો અને વિચારો

એવું કહેવાય છે કે જીવન એ યોગ્ય વિકલ્પોનું ચયન છે. ચયનથી ખુશી મળવી જોઈએ. એવા વિકલ્પનું ચયન એવુંજ કરો જે તમને ખુશી આપે.

## લાયબ્રેરરીયન્સ ડે ૨૦૧૯

**એડીનેટ અને ફીઝીકલ રીસર્ચ લેબોરેટરી સંયુકત રીતે એક સેમિનાર ૩૧ ઓગસ્ટ-૨૦૧૯ના દિવસે પી.આર.એલ. ખાતે યોજશે. આ સેમીનાર ડૉ. એસ. આર. રંગનાથન, ભારતીય ગ્રંથાલય શાસ્ત્રના પિતામહની જન્મજયંતિ ખાતે ઉજવાય છે. આ વર્ષે એડીનેટના ૨૫ વર્ષ ઓક્ટોબર ૨૦૧૯માં પુરા કરે છે. તેથી આ વખતે લાયબ્રેરીયન્સ ડે અને એડીનેટના ૨૫ વર્ષની ઉજવણી સાથે થશે. વીતેલા વર્ષોમાં આ સફર રચનાત્મક અને સફળ રહી. અનેક મુશ્કેલીઓ અને સ્ત્રોતોના અભાવ છતાં કેટલાય શીખરો એડીનેટે સર કર્યા છે અને હજી પ્રગતિના માર્ગે સફર ચાલુ છે અને રહેશે.**

**સેમિનારનો મુખ્ય વિષય છે ફ્યુચર લાયબ્રેરીઝ : ઓવર કમીંગ ચેલેન્જીઝ**

**ભવિષ્યની લાયબ્રેરીઝ : પડકારોને ઝીલવા**

**પેટા વિષયો :**

**૧. ભવિષ્યમાં ઇન્ફોર્મેશન ટેકનોલોજીનો ઉપયોગ**

**૨. રાષ્ટ્રીય વિકાસમાં લાયબ્રેરીયનની ભૂમિકા.**

**૩. રચનાત્મક સેવાઓનું પ્રદાન.**

## એશિયાટિકનો કાયાકલ્પ

એશિયાટીક લાયબ્રેરી મુંબઈના કાયાકલ્પ થઈ રહ્યું છે. જેમાં કાળજીપૂર્વકની સંભાળ, કેટલોગનું ડીજીટાઈઝેશન, વાચનાલાયનું નવીનીકરણ અને લોકોને નવી રીતે વ્યસ્ત રાખવાના ઉપાયનો સમાવેશ થાય છે. મૂળભૂત પ્રવૃત્તિને અસર થવા દીધા વગર આખા માળખામાં ફેરફાર એશિયાટીક લાયબ્રેરીના નાવિનીકારનની પ્રક્રિયા તેના ભૂગર્ભમાં થઈ રહી છે.

**સ્તોત્ર : Source | Mumbai Mirror | 10th December 2018**

## નિર્ણાયક શકિતનું પ્રાવિણ્ય મહત્વનું છે

વૈજ્ઞાનિક પધ્ધતિથી કુશળ અને ઝડપી નિર્ણય ક્ષમતા વિકસાવવી કે જે તેમને ફાયદારૂપ હોય.

જીવનના મોટા નિર્ણય લેવાના હોય તો તે અઘરૂ થઈ જાય છે ત્યારે નિર્ણય લેવાની ગભરામણ પણ હોય ત્યારે મિત્રોનો પણ અભિપ્રાય લેવો પણ તે માટે દરેક મુદ્દાના સારા નરસા પાસાની યાદી કરીને તપાસી લેવા અને આપણે નિર્લેપ રહીને નિર્ણય કરવો. હારવર્ડ બીઝનેસ રીવ્યુમાં તેને ફ્લાય-

ઓન-ધ-વોલ નીતિ તરીકે વિસ્કોનસી યુનીવર્સીટી મેડીસનના એવાન પાલમરના પેપર એક સહલેખકનો સંદર્ભ અપાયો છે. તેમના અભિપ્રાયે આપણે જ્યારે ત્રાહીત વ્યકિત તરીકે નિર્ણય લઈએ ત્યારે વધુ કાર્યલક્ષી (action oriented) હોઈએ છીએ અને પોતાના માટે નિર્ણય લઈએ તો બધું ઉંધું પડે છે.

પાલમરનાં મતે એક સલાહકાર તરીકે નિર્ણય લઈએ તો તે અસરકારક હોય છે. ૧૦૦૦ લોકોનો સર્વે કરીને આ તારણો કાઢેલા છે.

**સ્રોત:- Source | Economic Times | 14th December 2018**

## વેલ્ડીંગ મશીન બાળકોને પુસ્તકો

બફેલો પબ્લિક સ્કુલ શહેરમાં મુકાયલું પહેલું બુક વેન્ડીંગ મશીન છે. ડબલ્યું બી.એફ.ઓ.નાં રિપોર્ટર એઈલીન બર્કલી જણાવે છે કે અર્થુર ઓઈવ સ્કુલ ઓફ ડીસ્ટીંગશન#૬૧ ટોકન લઈને પુસ્તકો પસંદ કર્યા.




જેમ કેન્ડીના વેલ્ડીંગ મશીન પર જેમ કાચમાં જોઇને પસંદગી કરે તેમ કાચમાં જોઇને પુસ્તકોની પસંદગી કરીને પુસ્તકો મેળવ્યા. પ્રી. કેજીથી ૪થા ધોરણ સુધીના બાળકોને ઉપયોગી તેવાં પુસ્તકો મૂકાયાં છે. ત્રીજા ધોરણની નવ વર્ષની માર્શાઈલ આલ્સ્ટોને સૌ પ્રથમ 'આઈ સર્વાંવડ ધ હીંડરબર્ગ ડીઝાસ્ટર ૧૯૩૭' નામનું પુસ્તક પસંદ કરીને આ વેન્ડીંગ મશીનથી મેળવ્યું હતું જેને માટે શાળાએ તેને સોનેરી સિકકા જેવો ટોકન આપ્યો હતો. તેને પૂછ્યું 'કદાચ એમાંથી હું કાંઈ શીખી શકીશ આનું ઉદઘાટન કરવા તાલુકા કચેરી શાળાએ રીબન કાપવાનો સમારંભ પણ કરેલો.

ર્ડા. અન્સેલ રેબીસન આસી. પ્રિન્સિપાલ જેઓ લોંગ આયલેંડથી આવ્યા છે. તેમણે તેમના રાજ્યમાં આ જોયું હતું અને ફાઈનલી તેમેણે શાળા #૬૧ માં તે વેન્ડીંગ મશીન બેસાડ્યું. રેબીન્સને કહ્યું કે ર્ડા. કેશની દીર્ઘદ્રષ્ટિએ આ શકય બનાવ્યું.

બેલ્ટોને કોટમેન કહે છે કે અમારા તાલુકાનો મોટો પ્રશ્ન છે સાક્ષરતા ! જો બાળકો વાંચશે તોજ ઉગારશે !

શાળા ૬૧ ના પ્રિન્સિપાલ પેરેટ વોકર કહે છે કે ડબલ્યુ.બી.એફ.ઓ. ન્યુઝ લેટર અનુસાર ફ્રી પુસ્તકો બાળકોને વાંચતા કરશે. આપણે વર્તણુંક કે હાજરીના આધારે આ શરુ નથી કર્યું તેથી બધાને આનો લાભ મળી શકાશે તે પણ વારાફરતી મોકો આપશે.

કોમ્યુનીટી એક્શન ઓર્ગેનાઈઝેશન ૨૦૦૦ વેન્ડીંગ મશીન માટે ૧૦૦૦ પુસ્તકો માટે ફાળવ્યા છે.

સ્રોત: Video Link | https://www.youtube.com/watch?v=wWuE3c9ELqw ; https://youtu.be/wWuE3c9ELqw?t=11

## ૨૦૧૯માં ધ્યાન આપવા જેવા શૈક્ષણિક નીતિના મુદ્દા

૨૦૧૯માં વર્ષ શૈક્ષણિક રીતે ભારતમાં અગત્યનું બની રહેશે. ગત વર્ષના અર્થહીન મુદ્દાઓને બાજુએ મુકી નોલેજ ઈકોનોમી પર ધ્યાન આપીને નીતિ ઘડવી પડશે. વૈશ્વિક દ્રષ્ટીએ આવનારા વર્ષોમાં શિક્ષણની કિંમત સૌથી અગત્યની રહેશે. ૨૦૧૮ના વર્લ્ડ ડેવલપમેન્ટ રિપોર્ટ શિક્ષણ પર સંપૂર્ણ ભાર આપે છે. શિક્ષણ સાથે સંકળાયેલ દરેકને આ રિપોર્ટ વાંચતાં ચોક્કસ સંતોષ અનુભવાશે. કારણ આમાં શિક્ષણને લગતા દરેક મુદ્દાને પધ્ધતિસર સાંકળવામાં આવ્યા છે. જે ભવિષ્યને પ્રગતિ તરફ લઈ જશે. ભારતને બહુ જરૂરી, સકારાત્મક દિશા આપશે. જેના મુખ્ય મુદદા ૨૦૧૯ માટે મહત્વના છે.

### શિક્ષણનો સમગ્ર સમાન વિકાસ

શહેરી વિસ્તારમાં અધતન સાધનો સહિત શાળાઓમાં શિક્ષણ અપાય છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં હજી ‘ચોક એન્ડ ટોક’ પદ્ધિત ચાલે છે જે પૂર્વનિર્મીત છે. આપણે બંને પધ્ધતિને એક કરીને સમાંતર શિક્ષણ પધ્ધતિ વિકસાવવાની છે. જે સામાજિક-આર્થિક-તકનીકી રીતે બધાને એક સ્તરપર લાવી શકે અને વિકાસનું ઘોડાપુર સાબીત થાય !

આકારણીના યોગ્ય સાધનો અપનાવવા શિક્ષણની ફલશ્રુતિ વિષે સભાનતા વધી છે અને તેની કોઈ એવી આકારણીની પધ્ધતિ અપનાવવી જેમાં ઘડતરની આકારણી થઈ શકે.સામાન્ય આકારણીમાં સ્મરણ શકિતનું મુલ્યાંકન થતું હોય છે જ્યારે રચનાત્મક આકારણીમાં સામાજીક અને વ્યકિતગત ક્ષમતાનું પૃથ્થકરણ થાય. જેથી શિક્ષણની સાર્થકતા સમજી શકાય. તેની સાથે અભ્યાસક્રમની સાર્થકતા પણ સમજી શકાય. રચનાત્મક આકારણી વ્યકિતગત કેટલો સુધારો થયો છે તેનો ખ્યાલ આવે છે.

### પ્રાદેશિક ભાષાનું શિક્ષણ :-

આપણે ત્યાં અનેક ભાષાઓ છે. જેથી કોઈ એકજ ભાષામાં અથવા બે ભાષામાં શિક્ષણ વધુ અસરકારક રહેશે.

શિક્ષકોને વ્યાવસાયિક તાલીમમાં શિક્ષકોની વ્યાવસાયિક તાલીમને વધુ મહત્વ આપવું જરૂરી છે. ૨૧મી સદીની જરૂરિયાત છે કે વિષય સાથે શિક્ષણ પધ્ધતિની તાલીમ શિક્ષકને મળે અને તેના તાલીમ કાર્યક્રમોથી તેમની રજૂઆતની ક્ષમતામાં વધારો થશે.

સ્તોત્ર : Source | Times of India | 17th December 2018

## ZIET KVS મુંબઈ દ્વારા ડીજીટલ લાયબ્રેરીનો ત્રણ દિવસનો વર્કશોપ

કેન્દ્રીય વિધાલય સંગઠન દ્વારા યોજાયેલ વર્કશોપમાં શ્રી પ્રહલાદ જાદવ મહેમાન વ્યાખ્યાતા તરીકે હતા. ZIET KVS માનવ સંસાધન વિભાગની અંતરગત આવેલ ઓટોનોમસ સંસ્થાન છે. જે શાળાકીય શિક્ષણમાં ૧૯૬૪થી છે. ઝોનલ લેવલે કર્મચારીઓને શિક્ષિત કરવા માટેનું સંકુલ પહેલા ગ્વાલીયરમાં ૨૦૦૨થી અને પછી મુંબઈમાં ૨૦૦૩ થી ચાલુ થયું સેશન ?

ડીજીટલ યુગમાં લાયબ્રેરી ટેકનીક વિશે રચનાત્મક સેવાઓ વિશે પુન: વિચારણા

- ❖ એપ આધારિત કરંટ અવેરનેસ સર્વીસ
- ❖ આર્ટફિસિયલ ઈન્ટેલીજન્સ આધારીત સિલેક્ટીવ ડીસ્સેમીનેશન સર્વીસ.
- ❖ મેટા ડેટાનું સંચાલન કરવાના સાધનો વડે (સોફ્ટવેર ટુલ)

### સેશન – ૨

વેબ ૨.૦ ક્નેક્ટ, રમવું અને સહકારથી વાપરવું ટુલ એન્ડ ટેકનીક સાધનો અને પ્રયુક્તિઓ પાંચ વિભાગમાં વહેંચી શકાય.

સંમ્મીલીત સંચાર, તત્કાલ સંદેશા (માહિતી માટે) તે સાથે આર એસ એસ ફીડ, પોડકાસ્ટીંગ-વોડકાસ્ટીંગ, ટુકા સંદેશા વ્યવહાર (જે સહ્કાર્યુક્ત પ્રકાશન માટે) બ્લોગ અને વીકીઝ (જે સહ્કારયુકત સેવાનું માધ્યમ) સામાજીક નેટવર્ક, ટેગીંગ, સામાજીક સ્તરે પુસ્તક અંકિત કરવાની સેવા (જેમાં સમ્મીલીત ઉપકરણો અને તેના સંચાલનના પ્રોગ્રામ્સ અને પ્રોગ્રામીંગ અને છેલ્લે મેશઅપ્સ, એજેક્સ એપી અને ટુલબાર વધુ માહિતી માટે શ્રી પ્રહલાદ જાદવ કે એન આર મુરલી (Dy. Commissioner, and ZIETના નિયામક અને શ્રીમતિ કાન્તા બારા

## વિષય વસ્તુ અને પ્રસ્તુતિ

વૈજ્ઞાનિક પેપરમાં વિષય વસ્તુનું સ્તર જોવું જોઈએ, નહીં કે તે કયા સામાયિકમાં પ્રકાશિત થયું છે.

સૌથી સારા સંશોધન પરિણામો જરૂર નથી કે ઉચ્ચ કોટીના સામાયિકમાંજ પ્રકાશિત થયા હોય, અને ઇતિહાસમાં જોઈએ તો ઘણી સાબિતીઓ મળશે. ૧૯૮૬મા જોર્જ બેડનોર્સઝ અને કે એલેક્સ મુલર ઉચા ઉષ્ણતામાને સિરામીકમાં સુપર કડકટીવીટી, વિશેના પેપર જોઈન્ટ ફોર ફીઝીક (બી)માં હતું અને તેને અંતે નોબલ પારિતોષિક મળેલુ.

**સ્ત્રોત : Source | The Hindu | 19th December 2018**

## ઈ-લાયબ્રેરી ઓફ રેર બુક્સ પુણેમાં શરૂ

ભંડારકર ઓરિએન્ટલ રીસર્ચ ઇન્સ્ટીટયુટ બી.ઓ.આર.આઈ.માં દક્ષિણ એશિયાનું

અલભ્ય પુસ્તકોનો સૌથી મોટો સંગ્રહ છે અને હસ્તપ્રતોનો મોટો ખજાનો જમા થયો છે અને પુરાતન ધાર્મિક અને ઐતિહાસિક કૃતિઓની ઈ લાયબ્રેરી જે બુધવારે ખુલ્લી મુકાઈ.

હાલમાં એક હજાર જેટલી હસ્તપ્રતો સંસ્કૃતમાં અને તેની સબંધીત ભાષાઓ વાચકો માટે વૈશ્વિક ધોરણે સરવર પર લભ્ય છે.

સંસ્થાનું નામ વિખ્યાત ભારતીય સંસ્કૃતિ શાસ્ત્રી રામક્રિશ્ન ગોપાલ ભંડારકર પર છે. ૧૯૧૭મા સ્થાપવામાં આવેલી. આ સંગ્રહમાં લગભગ અઢી લાખ જેટલાં અલભ્ય પુસ્તકો અને હસ્તપ્રતો છે. કેટલીક તો બીલકુલ બીસમાર હાલતમાં છે. સમજુતીની વાત એ છે કે ઈ-લાયબ્રેરીમાં જેટલું સચવાયું એટલું ખરૃ ! એટલે આમાંથી હાલ ૨૦,૦૦૦ પુસ્તકો જે સૌથી અલભ્ય છે તેને ડીજીટાઈઝ કરવાં તેમાંની ૫૦૦૦ ઓનલાઈન પર વીનામુલ્યે વાંચી શકાશે તેમ પ્રો. શ્રીકાંત બાહુલકર કહે છે.

ઝેશુલના ત્રણ પૂર્ણ સ્વયં સંચાલીત ઊંચા રેઝોલ્યુશનના સ્કેનર લેવાયાં જેની દરેકની કિમત ૧૫ લાખ છે.

હેરીટેજ ડીજીટાઇઝેશન માટે જાણીતા (ન્યાન્સાના)ના મિથિલેશ કુલકર્ણીનાં જણાવ્યા પ્રમાણે લગભગ ૨ લાખ હસ્તપ્રતોને ડીજીટાઈઝ કરાઈ રહી છે. પ્રો. બહુકર જણાવે છે કે બોરી (બી.ઓ.આર.આઈ.)નાં પ્રકાશનોમાં નોંધ પાત્ર 'મહાભારતની ૧૯ ભાગની વિખ્યાત પ્રો. પી.વી.કાણેના પાંચ ભાગનો ૧૯૩૦ની હિસ્ટરી ઓફ ધર્મશાસ્ત્ર (ધર્માંશાસ્ત્રમાં ઈતિહાસ) મહાભારતના આ ભાગો વિશ્વ સ્તરે ખ્યાતિ પામેલા છે અને તેની કલ્ચરલ ઇન્ડેકસ સાંસ્કૃતિક સૂચિ હજી પ્રકાશિત થવાની બાકી છે, તેમ ર્ડા. ગણેશ ઉમાકાંત થીટે કહે છે.

**Source | The Hindu | 20th December 2018**

**મેયટી – આઈટી (ઈન્ફર્મેશન ટેકનોલોજી)** સોસીયલ મિડિયાના માટે નિયમો ઘડી રહ્યા છે જે સામાન્ય લોકોને નિસ્બત છે તેની લીંક નીચે પ્રમાણે છે.

http://meity .gov.in Download the Draft Rules from this link | http://meity.gov.in/writereaddata/files/Draft_Intermediary_Amendment_24122018.pdf

**મુખ્ય મુદ્દાઓ :-**

૧. ઉપભોક્તાઓને બહુ ઉદારતાવાળા, કે ભડકાવનાર સમસ્યાએ સોસીયલ મીડિયા પર મુકવા પર ચેતવણી.

૨.દેશ પ્રત્યેની પ્રમાણિકતા, વફાદારી, દાયીત્વને હાની પહોંચાડતા સંદેશા નહીં મુકવા.

૩. જુદી જુદી એજન્સી સાથે તાલમેલ સાથે તેવા મધ્યસ્થીની નિમણુંક કરવી.

આ માટે ઇલેક્ટ્રોનીક્સ અને આઈ ટી મિનિસ્ટ્રી મળીને કામ કરી રહી છે.

આ કેન્દ્ર સરકારનો માહિતીના માપદંડોને સાચવવા માટે કરવામાં આવી રહ્યા છે. જેથી આંતકવાદી, તકવાદી, અસામાજિક તત્વો કે ગુનાહખોર આ સાઈટ્સનો ખોટા કારણસર ભડકાઉ માહિતી પ્રસારમાં આનો ઉપયોગ ન કરી શકે. આ બાબતે એલ.ઈ.એ. કામ કરી રહી છે, જે નિયમ વિરુદ્ધ કામ કરનારને અંકુશમાં રાખી શકે. આવા નિયમોનો ડ્રાફ્ટ સરકાર તરફેણમાં કામ કરે છે. ખાસ કરીને આવા ભડકાઉ સંદેશા મોકલનાર વ્યકિત, ગ્રુપ કે એજન્સીને રોકી લેવાના પ્રયત્નો થઈ રહ્યા છે. જેથી મોટા પ્રમાણમાં સમાજને નુકસાન ન થાય, નિંદાત્મક રીતે હેરાનગતિ ન થાય, અશિષ્ટ કે વલ્ગર બાળમાનસ માટે હાનીકારક માહિતીને રોકવા માટે ચોકી કરવી જરૂરી છે.

૧૯૫૬ના કંપની એક્ટ કે ૨૦૧૩ના એક્ટ અંતર્ગત વાંધાજનક માહિતીના પ્રસાર પર પ્રતિબંધ મુકવો.

આ ઉપરાંત તટસ્થ વ્યકિતઓની નિમણુંકથી આને ઉચ્ચ કક્ષાના વ્યકિતો દ્વારા ચોવીસ કલાક નજર રાખવાથી તેને નિવારી શકાય.

માહિતી સંચારના નિયમાનુસાર સાયબર સિક્યોરીટી દ્વારા આવા બનાવોને નાથવા ઈન્ડિયન કોમ્પ્યુટર ઈમરજન્સી રિસોર્સ ટીમ આને કંટ્રોલ થઈ શકે. આવા મધ્યસ્થી એ સમયાંતરે ઉપભોકતાને સજાગ કરવા અને જરૂર લાગે તો બરતરફ પણ કરી શકે. જો સંજોગો એવા થાય કે ઇમરજન્સીમાં ૭૨ કલાકમાં આનો ફેંસલો કરી શકે કે સરકારની બીજી કોઈ ઈમરજન્સીની મદદ લઈ શકે અને સાબર સિક્યોરિટી જાળવી શકે. મધ્યસ્થી વાંધાજનક માહિતી મુકનારને તેનાથી શોધી શકે અને તેની વિરુધ્ધ પગલાં લઈ શકે. આ માટેની મંત્રણાની શરૂઆત આંતરિક મંત્રાલયોના સંદર્ભે અને હિતચિંતકોના સહકારથી થયેલ અને તેની વેબસાઈટને ‘ગ્રીવન્સ ઓફિસર’ને તેના કોઈને થયેલ અનુભવ કે હેરાનગતિ માટે ફરિયાદ કરી શકે.

વિવિધ મંત્રાલયો જે જુદા જુદા માધ્યમો જેવા કે ફેસબુક, ગુગલ, ટવીટર, યાહુ, વોટસ એપ, જેવા બીજાને નિરીક્ષણમાં રાખી શકે.

આના વિષેની કોમેન્ટસ કે ફરીયાદો માટે ૧૫ જાન્યુઆરી સુધીનો સમય અપાયલો.

**સ્ત્રોત: Source | https://gadgets.ndtv.com**

## આંતર કોલેજ વર્કશોપ ગુગલ રીસર્ચ ટુલની જાગરૂકતા

એમ.આઈ.ટી. આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજ, આનંદિ, પુના ડીપાર્ટમેન્ટ ઓફ લાયબ્રેરી એન્ડ ઇકોનોમિક પ્લાનીંગ ફોરમ તરફથી એક દિવસીય ઈન્ટર કોલેજ વર્કશોપ યોજાઈ, જેમાં અવેરનેસ ઓફ

ગુગલ રીસર્ચ ટુલ્સનો સમાવેશ થયો. વર્કશોપની વિગત :- ૨૯ ડીસેમ્બર ૨૦૧૮ સ્થળ ૪,૫,૬,૭ લેબ અને આઈ ટી, ACSC ઓમ્પ્લેક્ષ, સમય સવાર ૧૦ થી સાંજે ૪, પ્રવેશ ફી રૂ. ૧૫૦/-, સંદર્ભ માટે માળો : રાહુલ બરાથે-973084112 શ્રીમતિ અર્ચના આહેર-8888887519 અને નીલેશ માતે - 9595074192

નોંધ સંદર્ભ માટે

**Note | Brochure is attached for your kind reference**

## વર્ષના અંતનો છેલ્લો ફટકો

શ્રી પ્રહલાદ જાદવે એક વધુ વર્કશોપ એને આઈ ટી, પુણેમાં કર્યું. કોઈ વર્કશોપની સફળતાનો આધાર વ્યવસ્થાપકો અને તેમાં ભાગ લેનારા પર રહે છે. તેઓ તેમાં ઉત્સાહી અને મહેનતુ હતા તેથી પ્રયત્ન સફળ રહ્યો. વર્કશોપનો વિષય કોલેજ વિધાર્થીઓ માટે ગુગલ ટુલ્સ બાબત જાગૃતિ. એમ.આઈ.ટી, આર્ટસ સાયન્સ અને કોમર્સના ૮૦ વિધાર્થીમાંથી ૩૫ બીજી સંસ્થામાંથી હતા. ગુગલ માને છે કે વિધાર્થીઓને પ્રોત્સાહિત કરવા ઓપન ટેકનોલોજી (મુક્ત) અને તેથી શિક્ષણ પદ્ધતિમાં ક્રાંતિ આવી શકે છે. ગુગલનો આ માટે બધીજ શિક્ષણ સંસ્થાઓને બહુજ સારો સાથ છે, જેથી સંસ્થાના વિકાસના સ્વપ્ન પૂર્ણ થઈ શકે. સરળ કર્મચારી વિકાસ અને વિધાર્થીઓને સાંકળવાના નવલા પ્રયોગો ઘણા સફળ પરિણામો આપે છે.

ગુગલની શિક્ષણ ક્ષેત્રે સહાયથી

-વિધાર્થી મુક્ત મેદાન મળે અને આગળ વધવા પ્રેરાય.

-વિધાર્થીને ઘણા વિકલ્પો મળી રહે છે.

-સસ્તી કે વિના મુલ્યે મળતી એપથી બધાને પોસાય

-તેની એપ્સ અને સર્વિસીઝ સહકાર અને ટીમવર્ક વધારે છે

-તેની એપ્સ કાર્યક્ષમતા, ઉત્પાદન અને અસરકારકતા વધારે છે.

ગુગલના પ્રયાસો શિક્ષણ, શિક્ષક અને વિધાર્થી બધાને સહાયક છે.

## ટેકનોલોજી દ્વારા શિક્ષણ

સ્ત્રોત:- **Source | Mid Day | 2nd January 2018**

## મુંબઈ યુનિવર્સીટીનાં ઇન્સ્ટીટયુટ ઓફ ડીસ્ટન્સ એન્ડ ઓપન લર્નિંગ કોર્સ

મુંબઈ યુનીવર્સીટીનું આઈડીઓએલ ને યુનિવર્સીટી ગ્રાન્ટ કમીશન (યુજીસી)ની મંજુરી મળવા સુધી રાહ જોવી પડશે. આ ઇન્સ્ટીટયુટની દરખાસ્તને મંજુરી મળતા

વાર લાગશે. છેલ્લે બહાર પડેલી યાદીમાં ૮૧ સંસ્થાઓને મંજુરી મળી છે. જેમાં નાગપુરની મહાત્મા ગાંધી હિન્દી વિશ્વવિધાલય, શિવાજી યુનિવર્સીટી કોલાપુર, શ્રીમતિ નાથીબાઈ દામોદર ઠાકરસી વિમેન્સ યુનિવર્સીટી ઉપરાંત છતીસગઢ, મનીપાલ (સીક્કીમ)વગેરેનો સમાવેશ થાય છે. મુંબઈ યુનિવર્સીટીના આઈ.ડી.ઓ.એલ.ને એન.એ.એસી.નો જરૂરી એવો ૩.૨૬નો સ્કોર તેને મળ્યો નથી. આઈ.ડી.ઓ.એલ.ના સંતોષ ગોંગુર્દ, જે મહારાષ્ટ નવનિર્માણ વિધાર્થી સેનાના વાઈસ પ્રેસિડેન્ટ આ વિશે ચિંતિત છે.

**Source | Hindustan Times | 2nd January 2019**

## કાલે વિશ્વ બ્રેઈલ દિન

તમે ત્રણ રીતે મદદ કરી શકો. હવે સમય છે. તમે સોસાયટીને મેળવેલું પાછું વાળો.

**Source | Mid Day | 3rd January 2019**

## ૧૪.મેડીકલ લાયબ્રેરિયન:

ક્લીનીસિયન ડીજીટલ કન્ટેન્ટના યુગમાં બ્રિટીશ મેડીકલ જર્નલના ડિરેક્ટર શ્રી પ્રશાંત મિશ્રાના લેખનું તારણ છે કે આજ કાલ દર્દીઓ તેમની સારવાર બાબતે પહેલેથીજ માહિતગાર હોય છે. એના વિષેના પોર્ટલથી તેઓ માહિતગાર થઈ જાય છે. આથી ડોક્ટર્સ તેમને વધુ વિકલ્પો આપે છે. ખાસ કરીને મેમ્બર પોર્ટલસનો વધતો નંબર તેનો નિર્દેશ કરે છે. ડોક્ટરથી ડોકટર, ડોકટર-પેશન્ટ ઇનટેકશન એ એનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. મોબાઈલ હેલ્થ એપ ઈ-લર્નીંગ પ્લેટફોર્મ બધાને છુટથી લભ્ય છે. પેશન્ટ વધુ સહાય કે ઈન્ટરેકશનની માંગ કરે ત્યારે તેને આ એપનો પરિચય કરાવવો પડે અને તેને માટે ડોકટર, ક્લિનિક અને તેના સ્ટાફને આ જાણકારી માટે સજાગ રહેવું ફરજીયાત થઈ જાય છે

## ડીજીટલ ઇન્ટરવેનશન

ઈન્ટરનેટનો વધતો બહોળો ઉપયોગ લોકોને માહિતીના સ્ત્રોતોને મુક્ત રીતે વાપરવાની સંભાવના વધારી દીધી છે. ૧૨૨૦૦૦થી વધુ ડોકટરર્સના સર્વેના પરિણામ જણાવે છે કે ૭૬%થી વધુ ડોકટરો માને છે કે ઈંટરનેટ એ એક અગત્યની માહિતી સ્ત્રોત બની રહે છે. કલીનીકલ કેસીસની ચર્ચા, માહિતી મેળવવી અને હેલ્થકેરના વ્યવસાયિકોમાં પણ ઈંટરનેટનો ઉપયોગ ખુબ વધી રહ્યો છે. ડોક્ટર્સ ઈ લર્નીંગ પ્લેટફોર્મ વાપરે છે, ક્લીનીસિયન માટે રોજે રોજની માહિતી પણ તેજ માધ્યમથી અપાય. કારણ કલીનીશયનવધુ અપેક્ષા રાખે છે અને તે બહુ જટિલ પ્રકારે કામ કરે છે તેથી તેમની અપેક્ષા અનુસાર જુદા જુદા માહિતી સ્ત્રોતો એમને વાપરવા પડે છે.

મેડીકલ ક્ષેત્રમાં કેટલા માધ્યમ અને વાપરવાના પ્લેટફોર્મસ વધી ગયા છે અને

જેતે વિશિષ્ટ ક્ષેત્રના માધ્યમોમાં સતત સંપર્કમાં રહેવું પડે.

સમક્ષેત્રી તજજ્ઞો સાથે પણ સતત સંપર્કમાં રહેવું પડે અને તેમને અનુભવોનું આદાન પ્રદાન કરવું પડે. આ રીતના માહિતી અને અનુભવનું આદાન પ્રદાન પહેલાં પણ ઉપયોગી હતું. અત્યારે પણ ઉપયોગી થાય છે. વેબસાઈટ પરથી ટુંકા અને લાંબાગાળાના કાર્યક્રમોથી આવા સંપર્કો સચવાઈ રહે છે. જેમાં વ્યકિતગત વાતચીત, પરસ્પર પ્રવચનો, ઓડિયો-વિઝયુઅલ માહિતી વગેરેનો સમાવેશ થાય છે. દસ્તાવેજી માહિતી એવિડન્સ બેઝ્ડ કન્ટેન્ટ, બી.એમ.જે.(બ્રિટિશ મેડીકલ જર્નલ) તરફથી પબ્લીશ થયેલ માહિતીમાં કસીનીશીયનના વ્યવસાયિક વિકાસ માટે લેખો/માહિતી હોય છે. આમાં શીખવા માટેના લર્નીંગ મોડ્યુલસ બી.એમ.જે.ને ભારતમાં મહારાષ્ટ્ર મેડીકલ કાઉન્સીલ, દિલ્હી મેડીકલ કાઉન્સીલ,ગોઆ મેડીકલ કાઉન્સીલની માન્યતા મળેલી છે. બીજી સંસ્થાઓમાં યુરોપીયન બોર્ડ ફોર એક્રેડિટેશન એન કાર્ડીઓલોજી, યુનિવર્સીટી ઓફ લેંકેસ્ટર, સિંગાપુર મેડીકલ કાઉન્સીલ, દુબઈ હેલ્થ ઓથોરીટી અને બીજા ઘણાનો સમાવેશ થાય છે. દુર્ભાગ્યની વાત એ છે કે ફક્ત ચાર સંસ્થામાં આ માહિતી મળે છે. અને ૫૭.૩% મેડીકલ કોલેજો આનાથી સદંતર વંચિત છે તેથી તેઓ પુરતી આર્થિક સહાય નથી મેળવી શકતા અને તેમને શ્રેષ્ઠતાની ગણનામાંથી બાકાદ કરાય છે જેથી ત્યાંની રિસર્ચનો જોશ પણ ઠંડુ પડે છે.

આપણે જાણીએ છે કે શૈક્ષણિક પ્રવૃત્તિ માટે સમય રહોતો જ નથી તેથી જ રીસર્ચ અને તેના પ્રકાશનના પ્રશ્નો થાય છે. રિસર્ચથી પ્રકાશનના સાધનો કેલિફોર્નીયા યુનિવર્સીટી (સાન ફ્રાન્સિસકો) અને બી.એમ.જે. એ સયુકત રીતે વિકસાવ્યું છે. જે સ્ટેન્ડ અલોન, સેલ્ફ સ્ટડી, વગેરેના મોડ્યુલ્સ જે અભ્યાસીને પુરતા વિકલ્પો આપે છે. રોબસ્ટ પુરાવા આધારીત પધ્ધતિથી અને તજજ્ઞનાં અભિપ્રાય ના આધારે માર્ગદર્શન રોગના લક્ષણો પરથી પૂર્વાનુમાન, અને ઈલાજનું માર્ગદર્શન મળી રહે છે. આ સતત સંશોધન, તેની ચર્ચા અને આ બધી માહિતીના સ્ત્રોત દ્વારા સકારાત્મક પરિણામો મેળવી શકાય છે.

**ચુનૌતિઓ**

ડીજીટલ માધ્મોના અતિક્રમણથી કઈ પધ્ધતિ અનુસરવી તેની મુંઝવણ ઉભી થાય છે. કલીનીકલ અને હેલ્થ કેર સંસ્થાઓ માટે એ અનિવાર્ય બની જાય છે કે આ ઓન લાઈન માધ્યમોને સમજી અને પુનઃગ્રથીત કરવા જેથી દસ્તાવેજીત માહિતીથી દર્દીના માટેની સારવારની અગ્રીમતા પારખી શકાય.

https://www.how2shout.com/technology/clinicians-in-the-era-of-digital-content.html

## દિલ્લી ગવર્મેન્ટ ઇનટીગ્રેટેડ ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમ: માહિતીનું વિતરણનું પ્લેટફોર્મ

અદાલત, પોલીસ, કારાગાર અને ફોરેન્સીક ખાતાને માટે એક ભેગી માહિતી મળી રહે. ફોરેન્સીક ન્યાયશાસ્ત્રને લગતી બધીજ માહિતી સામાન્ય માહિતી સંગ્રહ.

નવી દિલ્હીમાં ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી નવા વર્ષથી એક નવી અને અનન્ય માહિતી સ્રોતના ઉપયોગથી તેમની શોધખોળની પ્રવૃત્તિ આદરશે, જે ઇનટીગ્રેટેડ ક્રીમીનલ જસ્ટીસ સીસ્ટમ (આઈ.જે.એસ.)થી ઓળખાશે. આ સીસ્ટમ, અદાલત, પોલીસ, જેલ અને ફોરેન્સીક ડીપાર્ટમેન્ટને માહિતી મેળવવાનું સામાન્ય ફલક રહેશે.

એફ.એસ.એલ.નાં ડાયરેક્ટર દિપા વર્મા કહે છે કે આ માહિતી સ્રોત આ બધા વિભાગોને આંતરિક રીતે જોડી માહિતીનું આદાન પ્રદાન કરશે જેથી સારી ન્યાય પ્રક્રિયા થઈ શકે. ઓફિસર્સ કહે છે કે હિતચિંતકોને ઓનલાઈન માહિતી તત્કાલ મળી રહે તેવા સોફ્ટવેર આમાં છે, જે સામાન્ય કરતાં ઝડપથી કામ કરવા મદદરૂપ થશે.

કાઈમ સીન મેનેજમેન્ટના ઇન્ચાર્જ સંજીવ ગુપ્તા કહે છે કે આનાથી દિલ્હી પોલીસ તપાસના કેસોને સહેલાઈથી હલ કરી શકાશે. આમાં બીનજરૂરી માનવ દાખલ પણ ટાળી શકાશે. આ પધ્ધતિ વધુ સહકાર અને સમકાલિક રીતે થશે. એફ.એસ.એલ. તરફથી ફિંગરપ્રિન્ટ ઓળખવા માટે ડ્યુઅલ કેમેરા પધ્ધતિ ફોરેન્સીક કોરપોર્ટ દ્વારા વિકસાવી છે. જે ભારતમાં પહેલીવાર છે. આ લેખ "લેયર્ડ વોઇસ એનાલીસીસ" જે શકમંદ વ્યકિતના અવાજના નમૂનાને ચકાસશે. પહેલી જાન્યુઆરીથી અમલમાં આવેલ આ પધ્ધતિ બાકીના ત્રણ વિભાગો કોર્ટ, પોલીસ અને જેલ આ દ્વારા જરૂરી માહિતી મેળવી શકે છે.

ફોરેન્સીક ડીપાર્ટમેન્ટ નવી ફીંગરપ્રીન્ટ ઓળખવામાં નોંધનીય પ્રગતિ કરી શકશે. એમ.પી.આ.ઓ. રજનીશ સીંગનું કહેવું છે. બહુરંગીય સપાટી પર આવેલ નમૂનાનું પણ એક કરતાં વધુ ફિલ્ટરથી સરળ રીતે પૃથ્થકરણ થઈ શકશે. વર્મા કહે છે કે વન ઓન વન સરખામાંનીની પધ્ધતિથી મેન્યુઅલ ભૂલેને તાળી શકાશે.

લેયર્ડ વોઇસ એનાલીસીસ દ્વારા શકમંદ ગુનેગારને ઓળખી શકાશે જે બીજા વૈજ્ઞાનિક પરીક્ષણથી જુદું છે. જેવા કે 'લાઈ ડિટેકટર'! આનો ઉપયોગ કરવા કોટની પરવાનગીની જરૂર નથી કારણ આ અવાજનું પરિક્ષણ છે અને શંકમંદને કોઈ સાધન કે વાયર વડે જોડવો નથી પડતો. અવાજનો નમુનો ઓનલાઈન કે ઓફ લાઈન લઈ શકાય છે. પહેલા રેકોર્ડ કરેલ અવાજ પણ આને માટે વાપરી શકાય છે!

**Source | Times of India | 3rd January 2019**

## ખાસ વિડીયો ગેમ જે ઓટીઝમ વાળા બાળકોની સારવારમાં વપરાશે

'ડીજીટલ મેડિસિન' પર આધારિત આ વીડિયો ગેમ ઓટીઝ્મના લક્ષણો ઘટાડી શકે છે. ઓટીઝ્મ વાળા બાળકોને જેને ઓટીઝ્મ સ્પેક્ટ્રમ ડીઝ ઓર્ડર (એ.એસ.ડી.) અથવા એટેન્શન/ડીફીઝીટ હાઈપર એકટીવીટી ડીસઓર્ડર (એ.ડી.એચ.ડી.)નાં લક્ષણોને ઓછા કરી શકે છે.

જર્નલ ઓફ ઓટીઝમ એન્ડ ડેવેલપમેન્ટ ડીસઓર્ડરમાં પ્રકાશિત માહિતી જણાવે છે કે પ્રોજેકટ ઈ.વીઓ જણાવે છે કે આ સાધન (ગેમ)ની શક્યતા અને સલામતી નિશ્ચિત છે. આ એક્શન વિડીયો ગેમ દ્વારા શકય છે.

**Study Published At |** **https://link.springer.com/article/10.1007/s10803-018-03872-3**

## વર્લ્ડ ડેવેલપમેન્ટ રિપોર્ટ ૨૦૧૯ કામની બદલાતી રીત

રોબોટ આપણા કામ મારતા નથી/ખતમ કરતાં નથી. વર્લ્ડ બેન્કના તાજેતરના રીપોર્ટસ કહે છે કે ટેકનોલોજી નીમ્ન કક્ષાના માનવ દ્વારા કરતાં કામ કરવા માંડ્યા છે પણ વર્લ્ડ બેન્ક કહે છે કે તે ઉચ્ચ કક્ષાના માનવ સંચાલીત કામોનો અવકાશ વધારે છે.

૨૧મી સદીનો મોટો ભય હતો કે રોબોટ માનવ દ્વારા થતાં કામો કરવા માંડે તો માનવ કામ વગરના થઈ જાય પણ વર્લ્ડ બેન્કનો રિપોર્ટ કહે છે કે ટેકનોલોજી માણસના બુદ્ધિજન્ય કામોની સંભાવના વધારે છે.

**Report Available |** **http://documents.worldbank.org/curated/en/816281518818814423/2019-WDR-Report.pdf**

આ અંકની માહિતી આપનાર **શ્રી પ્રહલાદ જાધવ**, વરિષ્ઠ ગ્રંથપાલ, ખેતાન એન્ડ કંપની, મુંબઈ.

**અનુવાદક :- સ્વધા મજમુદાર**